મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

G NEWS ગરવી તાકાત LIVE

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

૦૨-૦૩-૨૦૨૫
રવિવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૩૨૯
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

### છેલ્લા ૧૬ વર્ષથી ગેરકાયદે બાંધકામ હટાવવા માટે લડતા પૂર્વ નગર સેવકને તંત્ર ઉઠા ભણાવતું હોય તેવી છાપ ઉપસી આવેલી દેખાઈ

# મહેસાણાના નાગલપુર મહાદેવ બંગલોઝના ૧થી૬૩ મકાનો સરકારી ચોપડે કાયદેસર : વધુ ૬ મકાનો, ૧૨ દુકાનો કોની મહેરબાનીથી ખડકી દેવાયા?

### તત્કાલીન પાલિકા ચીફ ઓફિસર, કલેકટર તેમજ તમામ લગત કચેરી અને સ્વાગત કાર્યક્રમમાં કરાયેલી રજૂઆતો પણ દબાવી દેવામાં આવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

મહેસાણા શહેરની ભાગોળે આવેલા નાગલપુર ગામના સર્વે નં.૪૫૨ની એન.એ. થયેલી જમીન ઉપર મહાદેવ સોસાયટીના નામે ૬૩ રહેણાંક મકાનો બાંધવાની મંજૂરી લેવામાં આવી હતી. જ્યાં વર્તમાન સ્થિતિમાં ૬૩ના બદલે ૬૯ મકાનો અને ૧૨ દુકાનો ગેરકાયદે ખડકી દેવામાં આવી હોવાની બાબત ઉજાગર થતાં પાલિકાના વોર્ડ નં.૧૦માં સમાવિષ્ટ તત્કાલીન નગર સેવક વિષ્ણુભાઈ પટેલે પ્રશાસનનું ધ્યાન દોરી ગેરકાયદે દબાણ હટાવી દેવા રજૂઆત કરી હતી.

**તત્કાલીન પાલિકાના ચીફ ઓફિસર દ્વારા અનેક વખત કસુરદારોને નોટિસો પાઠવીને ગેરકાયદે કરાયેલું બાંધકામ તોડી પાડવા જણાવ્યું હતું. જોકે, શીરજોર બિલ્ડર દ્વારા પાલિકા તંત્રના આદેશને ઘોળીને પી જવાયો હોય એ રીતે આજે ૧૬ વર્ષ પછી પણ દબાણ તોડી પાડવા મુદ્દે કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી.**

પૂર્વ નગર સેવકની રજૂઆતને લઈને પાલિકા તંત્ર તેમજ જિલ્લા કલેકટર કચેરી કક્ષાએથી યોગ્ય નિર્ણય લઈ વાંધાજનક બાંધકામ તોડી પાડવા જે તે કસુર વારોને નોટિસો પાઠવવામાં આવી હતી. પરંતુ તંત્ર છેલ્લા ૧૬ વર્ષથી કરાયેલી રજૂઆતને પગલે ગેરકાયદે ઉભા કરાયેલા બાંધકામને તોડી પાડવામાં અસમર્થ રહ્યું છે. તત્કાલીન પાલિકા અને આજની મહાપાલિકાના જવાબદારો પૂર્વ નગર સેવકની દર્પણ જેવી સાફ રજૂઆત સામે પોતાની દાનત સાફ નથી રાખી શક્યા તે સ્પષ્ટ દેખાઈ આવતું હોવાના આક્ષેપ પૂર્વ નગર સેવક વિષ્ણુ પટેલ કરી રહ્યા છે.

મહેસાણા નાગલપુર વિસ્તારમાં આવેલા મહાદેવ બંગલોઝ નામની સોસાયટીના નિર્માતા દ્વારા સરકારના તમામ નીતિ નિયમોને નેવે મૂકીને ગેરકાયદે બાંધકામ ખડકી દીધાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. અહીંના પૂર્વ નગર સેવક વિષ્ણુ પટેલે ગેરકાયદે દબાણ મુદ્દે પોતાનો અવાજ બુલંદ કર્યો છે. તેઓએ અહીં તાણી બાંધેલી ૧૨ દુકાનો અને ૬ રહેણાંક મકાનો સામે વાંધો ઉપાડી તત્કાલીન પાલિકાના ચીફ ઓફિસર સહિતના અધિકારીઓને રજૂઆત કરેલી છે. જેને લઈને તંત્ર દ્વારા વિવાદિત સ્થળની માપણી પણ તેમના એન્જિનિયરના સહકારે કરાવી હતી. જેમાં પણ બાંધકામ મુદ્દે શરત ભંગ થયો હોવાનો રિપોર્ટ એન્જિનિયરે તેમના ઉપરી અધિકારીને આપ્યો હતો. જે બાદ તત્કાલીન પાલિકાના ચીફ ઓફિસર દ્વારા અનેક વખત કસુરદારોને નોટિસો પાઠવીને ગેરકાયદે કરાયેલું બાંધકામ તોડી પાડવા જણાવ્યું હતું. જોકે, શીરજોર બિલ્ડર દ્વારા પાલિકા તંત્રના આદેશને ઘોળીને પી જવાયો હોય એ રીતે આજે ૧૬ વર્ષ પછી પણ દબાણ તોડી પાડવા મુદ્દે કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી.




### લગ્ન પ્રસંગમાં દાળ માંગવાની નજીવી બાબતને લઈને મામલ બિચક્યો

## મહેસાણા પાસે વડોસણ ગામે લગ્ન પ્રસંગમાં એક કિશોરી પર છરીથી હુમલો થતાં ચકચાર

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

મહેસાણા તાલુકાના વડોસણ ગામમાં લગ્નપ્રસંગ દરમિયાન એક કિશોર પર છરીથી હુમલો થયો છે.આ ઘટના રાત્રિના સમયે બની હતી.૧૭ વર્ષીય સુરેશ ગાંડાજી ઠાકોર તેના મિત્ર સાથે લગ્નપ્રસંગમાં જમી રહ્યો હતો. આ દરમિયાન ગામના રાહુલ અને કનુજીએ તેની પાસે દાળની માંગણી કરી. સુરેશે દાળ આપવાની ના પાડતા આરોપીઓએ ગાળાગાળી કરી હતી.



જમ્યા બાદ સુરેશ અને તેનો મિત્ર ઘરે જઈ રહ્યા હતા. રાયણવાળી સેંધણી માતાના મંદિર પાસે રાહુલ અને તેના મિત્રોએ તેમને રોકીને ઝઘડો કર્યો. આ દરમિયાન મનોજ કનુજી ઠાકોરે છરી વડે હુમલો કર્યો. અર્જુન પમાજીએ ધોકા વડે માર માર્યો હતો.હુમલામાં સુરેશ લોહીલુહાણ થઈ ગયો હતો.

આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપીને ભાગી ગયા હતા. ઈજાગ્રસ્ત સુરેશને સારવાર માટે મહેસાણા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### તમામ ૮ વોર્ડમાં ફેસ રિડીંગ બાયોમેટ્રીક મશીન લગાવવામાં આવ્યા છે

## મહેસાણા મહાનગરપાલિકાએ કર્મીઓની સમયસર હાજરી સુનિશ્ચિત કરવા નવી વ્યવસ્થા અમલમાં મુકી

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

મહેસાણા મ્યુનિસિપલ કોર્પોરેશને કર્મચારીઓની સમયસર હાજરી સુનિશ્ચિત કરવા માટે નવી વ્યવસ્થા અમલમાં મૂકી છે. તંત્ર દ્વારા તમામ ૮ વોર્ડમાં ફેસ રિડીંગ બાયોમેટ્રિક મશીન લગાવવામાં આવ્યા છે. નવી વ્યવસ્થા અનુસાર, વોર્ડ ઈન્સ્પેકટર સહિત તમામ કર્મચારીઓએ સવારે ૭ થી ૭:૩૦ વાગ્યા સુધીમાં પ્રથમ હાજરી નોંધાવવાની રહેશે. બીજી હાજરી સવારે ૧૧ વાગ્યે રિસેસ સમયે પુરાવવાની રહેશે.

બપોરના સમયે, કર્મચારીઓએ ૨થી ૨:૩૦ વાગ્યા સુધીમાં ત્રીજી હાજરી નોંધાવવાની રહેશે. દિવસની છેલ્લી અને ચોથી હાજરી સાંજે ૬ વાગ્યે ફરજ પરથી છૂટતી વખતે પુરાવવાની રહેશે. આ નવી વ્યવસ્થા તમામ કર્મચારીઓ માટે ફરજિયાત છે. તેનાથી કર્મચારીઓની






નિયમિતતા અને કાર્યક્ષમતા પર દેખરેખ રાખી શકાશે. મ્યુનિસિપલ કોર્પોરેશનનું આ પગલું વહીવટી કામગીરીને વધુ પારદર્શક અને કાર્યક્ષમ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ છે.

### સરકારની ગ્રીનફિલ્ડ પોલિસી અંતર્ગત શરૂ થયેલી ગુજરાતની પ્રથમ મેડિકલ કોલેજ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સંચાલિત

## નૂતન મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટરના પ્રથમ એમબીબીએસ બેચના વિદ્યાર્થીઓનું સ્નાતક સમારોહ અને ઉત્તર ગુજરાતમાં સૌપ્રથમ PG મેડિકલ વિદ્યાર્થીઓનો સ્વાગત સમારંભ યોજાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

ગુજરાત સરકારની ગ્રીનફિલ્ડ પોલિસી અંતર્ગત શરૂ કરેલ ગુજરાતની પ્રથમ મેડિકલ કોલેજ "નૂતન મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર" ખાતે નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સ્થાપક અને વિસનગરને શિક્ષણનગરી તરીકે પ્રતિષ્ઠા અપાવનાર કર્મવીર સ્વ. શ્રી સાંકળચંદભાઈ પટેલની ૧૧૬મી જન્મજયંતી નિમિત્તે તારીખ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ના શુભદિને MBBSની પ્રથમ બેચના વિદ્યાર્થીઓની સ્નાતક સમારોહનું તેમજ ચાલુ વર્ષે સમગ્ર ઉત્તર ગુજરાતની પ્રથમ પોસ્ટગ્રેજ્યુએટ કોર્ષમાં પ્રથમ બેચમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો સ્વાગત સમારંભ યોજાયો.

આયોજીત સમારંભમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં MBBSમાં પ્રવેશ મેળવી ઉત્તમ અભ્યાસ પૂર્ણ કરનારા ૧૪૭ ડોક્ટર વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા. ઉપરાંત, ચાલુ વર્ષે ઉત્તર ગુજરાતની




પ્રથમ MD/MS પોસ્ટગ્રેજ્યુએટ બેચના ૧૭ વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું. સ્વ. શ્રી સાંકળચંદ દાદાના સ્વપ્ન અને સમગ્ર પંથકના વ્યક્તિને ઉત્તમ અને ઉચ્ચ-કક્ષાની આરોગ્ય સેવા પૂરી પાડવાના હેતુથી કામ કરનાર નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ટ્રસ્ટના ચેરમેનશ્રી અને યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલના અથાગ પ્રયત્નો અને કુશળ નેતૃત્વ હેઠળ, વિસનગર ખાતે ગુજરાત રાજ્યમાં પ્રથમ 'ગ્રીન ફિલ્ડ પોલિસી' અંતર્ગત ગુજરાત સરકાર અને ભારત સરકારના સંયુક્ત સહકારથી MBBSની ૧૫૦ બેઠકો સાથે નૂતન મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટરની વર્ષ ૨૦૧૯-૨૦માં શરૂઆત કરવામાં આવી હતી. આજે આ સંસ્થા રાજ્ય અને રાષ્ટ્રના આરોગ્ય ક્ષેત્રે મોખરાની સંસ્થાઓમાં ઓળખ પામતી એક સંસ્થા બની ગઈ છે. ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી મેડિકલ ક્ષેત્રે પોસ્ટગ્રેજ્યુએટ કરવા માટે ઉત્તર ગુજરાતના વિદ્યાર્થીઓએ બીજા જિલ્લામાં અથવા રાજ્યમાં જવું પડતું હતું જે હવેથી દરેકને પોતાના ઘર આંગણે ઉત્તમ અને ઉચ્ચ કક્ષાનું તબીબી શિક્ષણ મળી રહેશે.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ધાર્મિક વિદ્વાન અને પ્રેરક વક્તા પૂજયશ્રી ભુપેન્દ્રભાઈ પંડયા હાજર રહી ઉપસ્થિત સર્વે વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા, આમંત્રિત મહેમાનોને પોતાના વક્તવ્યથી પ્રેરિત કર્યા હતા અને ગ્રેજ્યુએટ થનાર તમામ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા. આ શુભ પ્રસંગે ઈન્ડિયન મેડિકલ એસોસીએશન પ્રેસિડેન્ટ, ડો. અનિલભાઈ નાયક, મેહસાણા જિલ્લા પૂર્વ સાંસદ શારદાબેન પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને સમારોહની શોભામાં અધિવૃદ્ધિ કરી હતી. ડૉ અનિલભાઈ નાયકે પોતાના વક્તવ્ય માં સમાજમાં ડોક્ટર્સની નૈતિક જવાબદારી તરફ દિશા નિર્દેશ કરી પોતાને સતત અપગ્રેડ કરતા રહેવા જણાવ્યું હતું.

આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલે એમબીબીએસ અભ્યાસ પૂર્ણ કરનારા તમામ ડોક્ટર વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે અંતઃકરણપૂર્વક શુભેચ્છાઓ પાઠવી હતી અને યુનિવર્સિટી તેમના શ્રેષ્ઠ અને ઉત્કૃષ્ઠ ભવિષ્ય માટે સદાય અવિરત મદદરૂપ રહેશે તેવી ખાતરી આપી હતી. આ ઐતિહાસિક પળે તેમણે ગુજરાત સરકાર અને ભારત સરકાર તેમજ સરકારી અધિકારીઓનો તેમના સહકાર અને માર્ગદર્શન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે સર્વે મહેમાનોની ઉપસ્થિતિમાં તમામ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ અને પોસ્ટગ્રેજ્યુએટ પ્રોગ્રામમાં પ્રવેશ મેળવનાર ડોક્ટર વિદ્યાર્થીઓને પૂજયશ્રી ભુપેન્દ્રભાઈ પંડયા, ડો. અનિલભાઈ નાયક, પૂર્વ સાંસદ શારદાબેન પટેલ, યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડૉ. પી. એમ. ઉદાણી અને રજીસ્ટ્રાર ડૉ. પરિમલ ત્રિવેદી, નૂતન મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટરના ડીન, ડો. વિજયસિંગ બઘેલ, ડાયરેક્ટર, હેલ્થ સાયન્સ, ડો. જે. આર. પટેલ ના હસ્તે સર્ટિફિકેટ એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન, મહેસાણા ખાતે વેબીનાર યોજાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં લીડ બેંક ઓફિસ મહેસાણા દ્વારા બેક્ર ઓફ બરોડા,ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન,મહેસાણા ખાતે આજ રોજ ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈનાન્સિયલ સર્વિસીસ, એગ્રીકલ્ચર એન્ડ ફાર્મસ્ વેલફેર મિનિસ્ટ્રી, પશુપાલન અને ડેરી વિભાગ, ડિપાર્ટમેન્ટ ઓફ ફિશરીઝ દ્વારા એન્હેંસિંગ એક્સેસ ટુ ક્રેડિટ થ્રુ કેસીસી, વેબિનાર યોજવામાં આવ્યો હતો.



આ વેબીનારમાં ખેડૂતોને લગતી પાક ધિરાણ,એનિમલ હસબન્ડરી, મત્સ્ય ઉદ્યોગ વગેરેની પોસ્ટ બજેટ ૨૦૨૫-૨૬ ની વિવિધ યોજનાઓ અને લાભો મેળવવા માટેનું માર્ગદર્શન વિવિધ વિભાગો દ્વારા પૂરું પાડવામાં આવ્યું. આ વેબીનારમાં મહેસાણા ખાતેની લીડ ડિસ્ટ્રિક્ટ બેંકના એલ.ડી.એમ.શ્રી મહેશ એસ. ગંગેય, બેંક ઓફ બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાના નિયામક શ્રી વિશાલભાઈ પટેલ, નાબાર્ડ ના ડી. ડી.એમ શ્રી રાહુલ પાટીલ,મહેસાણા જિલ્લાના ખેતીવાડી અધિકારીશ્રી અનિષ ભાઈ ભટ્ટ , જિલ્લા મત્સ્યોદ્યોગ અધિક્ષક શ્રી દિનેશભાઈ પટેલ, પશુપાલન અધિકારીશ્રી તેમજ વિવિધ બેંક ના અધિકારીઓ તથા મહેસાણા જિલ્લાના ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વર્ષ ૨૦૨૫-૨૬ બજેટમાં કિસાન ક્રેડિટ કાર્ડ (કેસીસી) માં રૂપિયા ત્રણ લાખની વ્યાજ સહાય મર્યાદા વધારીને પાંચ લાખની કરવામાં આવી છે જેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ.

આ વેબીનારમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ અંગે પોસ્ટ બજેટ ૨૦૨૫-૨૬ ની વિવિધ યોજનાઓ અને લાભો અંગે ખેડૂતો ને માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. આ વેબીનારમાં મહેસાણા જિલ્લાના ખેડૂત લાભાર્થીઓ તથા બેંક કર્મચારીઓ સહભાગી બન્યા હતા.




# દક્ષિણપંથનો ઉભાર

જર્મનીમાં સત્તા પરિવર્તન યુરોપમાં દક્ષિણપંથ અને કંઝર્વેટિવના વધતા પ્રભાવને દર્શાવે છે. સોશ્યલ ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખ ચાન્સેલર ઓલાફ શુલ્ઝની કારમી હાર થઈ છે. ૬૩૦ સદસ્યોની જર્મન સંસદ (બુંડેશ્ટાગ)માં શુલ્ઝની પાર્ટી એસડીપી ૧૨૧ સીટો સાથે ત્રીજા સ્થાન પર છે. યુરોપીય યુનિયનમાં સૌથી મોટા અને શક્તિશાળી દેશ જર્મનીમાં ચાન્સેલર શુલ્ઝનું ગઠબંધન નવેમ્બરમાં તૂટી જવાને કારણે લગભગ સાત મહિના પહેલાં જ ચૂંટણીઓ કરાવાઈ, જેમાં ફ્રેડરિક મર્ત્ઝની પાર્ટી ક્રિશ્ચિયન ડેમોક્રેટિક યુનિયન (સીડીયુ)ના કંઝર્વેટિવ ગઠબંધનને સૌથી વધારે સીટો મળી છે. જોકે ગઠબંધનને બહુમતી નથી મળી. એક્ઝિટ પોલમાં પણ કંઝર્વેટિવ ગઠબંધન સીડીયુ અને સીએસયુની જીતનું અનુમાન લગાવવામાં આવ્યું હતું. બીજા વિશ્વયદ્ધ બાદ જર્મનીમાં કોઈ ઘોર દક્ષિણપંથી ગઠબંધનની આટલી મોટી જીત થઈ છે. જોકે પહેલાં સીડીયુ પાર્ટીની જ એન્જેલા મર્કેલ ચાન્સેલર રહ્યાં છે. જર્મનીમાં આ પરિવર્તન ચોંકાવનારું છે. યુરોપમાં ઉદાર અને સોશ્યલીસ્ટ પક્ષોનો દબદબો હાલનાં વર્ષોમાં મજબૂત થયો છે, પરંતુ સ્થાનિક સ્તર પર આર્થિક અને સામાજિક મુદ્દાએ કંઝર્વેટિવ વિચારોવાળા પક્ષો માટે જમીન ફળદ્રુપ બનાવી દીધી છે.

અર્થવ્યવસ્થાની સુસ્ત ગતિ, નવા રોજગાર સર્જનમાં સુસ્તી, અપ્રવાસીઓની વધતી હાજરી, સાંસ્કૃતિક અને સામાજિક ડેમોગ્રાફીમાં બદલાવ વગેરે એવી સ્થિતિઓ છે, જેને કારણે કંઝર્વેટિવ પક્ષોને સફળતા મળી રહી છે. અમેરિકામાં પણ અમેરિકી રાષ્ટ્રવાદ અદ્ધે સંરક્ષણવાદનો નારો લગાવનારા ટ્રમ્પના પક્ષને જ વિજય મળ્યો છે. ટ્રમ્પે જર્મનીમાં સત્તા પરિવર્તન પર ખુશી વ્યક્ત કરી છે અને તેને જર્મન રાષ્ટ્રવાદના ઉદય રૂપે ગણાવ્યું છે. કંઝર્વેટિવ સીડીયુ/સીએસયુ ગઠબંધનની જીત બાદ હવે ફ્રેડરિક મર્ત્ઝ જર્મનીના નવા ચાન્સેલર બની શકે છે. ૬૯ વર્ષીય મર્ત્ઝ પાસે સરકાર ચલાવવાનો કોઈ અનુભવ નથી, પરંતુ તેમણે દેશને બહેતર નેતૃત્વ આપવાનો વાયદો કર્યો છે. ખાસ વાત છે કે બીજી ઘોર દક્ષિણપંથી પાર્ટી એએફડી ૨૦ ટકા મતો મેળવીને બીજા સ્થાને છે. એટલે કે પહેલા અને બીજા સ્થાન પર દક્ષિણપંથી દળો છે. જર્મનીમાં દક્ષિણપંથી ગઠબંધન સત્તામાં આવ્યા બાદ યુરોપીય યુનિયનના કામકાજ પર પણ તેની અસર પડશે. ઈયુમાં જર્મની પ્રમુખ સદસ્ય દેશ છે. ઓલાફ શુલ્ઝની સોશ્યલ ડેમોક્રેટિક પાર્ટીએ બીજા વિશ્વ યુદ્ઘ બાદથી પોતાનું સૌથી ખરાબ પ્રદર્શન કર્યું છે. પાર્ટીને માત્ર ૧૬.૫ ટકા મત મળ્યા છે. ગ્રીન્સ પાર્ટીને ૧૨ ટકા મત મળ્યા છે. જર્મનીમાં ચૂંટણી એવા સમયે થઈ છે જ્યારે યુરોપની સૌથી મોટી અર્થવ્યવસ્થામાં વર્ષોથી ચાલ્યા આવતા અટકાવ, ગેરકાયદે પ્રવાશીઓ પર અંકુશ લગાવવાનું દબાણ તથા યુક્રેનના ભવિષ્ય, યુરોપના અમેરિકા સાથે ગઠબંધનને લઈને વધતી અનિશ્ચિતતા જેવી ચિંતાઓ સામે આવી રહી છે. જર્મનીમાં પણ ગેરકાયદે પ્રવાસી આ ચૂંટણીઓમાં મોટો મુદ્દો રહ્યા. જર્મની અંદર કેટલાય આતંકી હુમલા થયા છે જેને ગેરકાયદે પ્રવાસીઓએ અંજામ આપ્યો છે. યુક્રેન યુદ્ઘ પર અમેરિકાના વ્યવહારે યુરોપને અસમંજસમાં મૂકી દીધું છે. યુક્રેન યદ્ઘમાં અમેરિકાના ટ્રમ્પ પ્રશાસને રશિયાનો પક્ષ લીધો છે, જ્યારે યુરોપ યુક્રેન સાથે છે. જર્મની ૨૭ દેશોવાળા યુરોપીય સંઘમાં સૌથી વધુ આબાદીવાળો દેશ અને નાટોનું મુખ્ય સદસ્ય છે. અમેરિકા બાદ આ યુક્રેનનું બીજું સૌથી મોટું હથિયાર આપૂર્તિકર્તા રહ્યું છે. જર્મનીની આ ચૂંટણીમાં એલન મસ્ક અને રશિયાની દખલ પણ દિલચસ્પ છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# અમદાવાદમાં સગાઈ તોડી નાંખતા પૂર્વ મંગેતરે યુવકને કાર નીચે કચડ્યો, ચપ્પુના ઘા માર્યા

અમદાવાદ,તા.૧

અમદાવાદમાં વિચિત્ર બનાવ બન્યો છે. શહેરના શેલા વિસ્તારમાં બાઈક પર જતા યુવક પર તેની જ પૂર્વ મંગેતરે હુમલો કર્યો છે. યુવકે સગાઈ તોડી નાખતા યુવતીએ યુવક પર કાર ચડાવી દીધી હતી. યુવતી યુવકને ફોન કરીને વારંવાર હેરાન કરતા યુવકે નંબરો બ્લોક કર્યા હતા. એટલું જ નહિ, યુવતીએ યુવક પર તીક્ષ્ણ હથિયારથી હુમલો પણ કર્યો. ત્યારે યુવકે બોપલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. .

અમદાવાદના શેલા વિસ્તારનો આ બનાવ છે. શેલામાં રહેતા જય પટેલ ઓટોમેશનનો વ્યવસાય કરે છે. જેમાં ૧૩ વર્ષ પહેલા જય પટેલની સગાઈ મહેસાણાના ચંદ્રકાન્તભાઈ પટેલની પુત્રી રિક્કુ ઉર્ફે રિક્કી સાથે થઈ હતી. તો બીજી તરફ સાટામાં સામસામે દીકરીના વહેવાર કરાયા હતા. જય પટેલની મોટી બહેન રોશનીની સગાઈ રિક્કુના ભાઈ ભાવેશ સાથે થઈ હતી. પરંતુ જયને રિક્કુ અને રોશનીને ભાવેશ સાથે મનમેળ ન આવતા સગાઈ તોડી નાંખી હતી. આ



બાદ જય પટેલના લગ્ન વર્ષ ૨૦૧૬ માં પાટણની મોનિકા નામની યુવતી સાથે થયા હતા.

જય અને રિક્કુના અલગ અલગ જગ્યાએ લગ્ન થયા બાદ પણ રિક્કુ તેને હેરાન કરતી હતી. રિક્કુના લગ્ન મહેસાણાના યુવક સંદિપ પટેલ સાથે થયા હતા. રિક્કુ જયને ફોન કરીને કહેતી કે, મારા લગ્ન તારી સાથે થયા હોત તો સારૂ હોત. રિક્કુના નંબરો બ્લેકલિસ્ટમાં મૂક્યા હતા.

આ બાબતની અદાવત રાખીને યુવક શૈલા પાસે બાઈક લઈને જતો હતો, ત્યારે રિક્કુએ પૂરઝડપે કાર લઈને આવીને જય પટેલને ટક્કર મારી હતી. એટલું જ નહિ, 'તું કેમ વાત કરતો નથી...' તેવું કહીને ચપ્પુના ઘા માર્યા હતા. આમ, જય પટેલે પૂર્વ ફિયાન્સી સામે બોપલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# ઓક્ટોબર ૨૦૨૩માં જન્મેલા માટે પાસપોર્ટના નિયમમાં ફેરફાર : યોગ્ય અધિકારી દ્વારા પ્રમાણિત જન્મ પ્રમાણપત્ર માન્ય રહેશે



અમદાવાદ,તા.૧

કેન્દ્ર સરકાર દ્વારા પાસપોર્ટ નિયમોમાં સુધારો કરવામાં આવ્યો છે. આ અંતર્ગત, ૧ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ અથવા તે પછી જન્મેલા પાસપોર્ટ અરજદારો માટે, યોગ્ય અધિકારીઓ દ્વારા જાહેર કરાયેલા પ્રમાણપત્ર જન્મ તારીખનો એકમાત્ર પુરાવો હશે. આ અઠવાડિયે પાસપોર્ટ નિયમો, ૧૯૮૦ માં સુધારાને અમલમાં મૂકવા માટે એક સત્તાવાર નોંધ જારી કરવામાં આવી છે.

સત્તાવાર ગેઝેટમાં સુધારા પ્રકાશિત થયા પછી નવા પાસપોર્ટ નિયમો અમલમાં આવશે. નવા ધોરણો હેઠળ, જન્મ અને મૃત્યુ રજિસ્ટ્રાર, મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા જન્મ અને મૃત્યુ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ હેઠળ સશક્ત અન્ય કોઈપણ સત્તા દ્વારા જારી કરાયેલા જન્મ પ્રમાણપત્ર ૧ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ અથવા તે પછી જન્મેલા વ્યક્તિઓ માટે જન્મ તારીખના પુરાવા તરીકે સ્વીકારવામાં આવશે.

અન્ય અરજદારો જન્મ તારીખના પુરાવા તરીકે ડ્રાઈવિંગ લાઈસન્સ અથવા શાળા છોડ્યાનું પ્રમાણપત્ર જેવા વૈકલ્પિક દસ્તાવેજો સબમિટ કરી શકે છે. ભારતીય પાસપોર્ટ એ ભારત સરકાર દ્વારા જારી કરાયેલ એક મહત્વપૂર્ણ દસ્તાવેજ છે.

આના દ્વારા, વિદેશ પ્રવાસ કરતા ભારતીયો તેમની નાગરિકતા સાબિત કરી શકે છે. ભારતીય પાસપોર્ટ ૩ પ્રકારના હોય છે. નિયમિત, સત્તાવાર અને રાજદ્વારી, જેમાં સામાન્ય નાગરિકને નિયમિત પાસપોર્ટ આપવામાં આવે છે.

સરકારી અધિકારીઓ અને રાજદ્વારીઓ માટે સત્તાવાર પાસપોર્ટ છે. રાજદ્વારી પાસપોર્ટને VVIP પાસપોર્ટ પણ કહેવામાં આવે છે, તે રાજકારણીઓ અને ઉચ્ચ સરકારી અધિકારીઓને પણ આપવામાં આવે છે. નિયમિત પાસપોર્ટની માન્યતા ૧૦ વર્ષ સુધીની હોય છે.

## દ્દષ્ટિહીન વિદ્યાર્થીઓના પ્રશ્નોની સૂચનામા થયેલા છબરડા બાદ બોર્ડનો નિર્ણય

# ધો. ૧૨ સાયન્સ ફિઝિક્સની પરીક્ષાના છાત્રોએ જે પ્રશ્ન લખ્યા હશે તેના મળવા પાત્ર ગુણ અપાશે

અમદાવાદ, તા.૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સના ફિઝિક્સના પ્રશ્નપત્રમાં દ્દષ્ટિહીન વિદ્યાર્થીઓના પ્રશ્નોની સૂચનામાં છબરડો થયા બાદ હવે વિદ્યાર્થીઓએ જે પણ પ્રશ્નનો ઉત્તર લખ્યો હશે તેનું મૂલ્યાંકન કરી ગુણ આપવાનો નિર્ણય કરાયો છે.

ફિઝિક્સના પ્રશ્નપત્રમાં સામાન્ય વિદ્યાર્થી અને દ્દષ્ટિહીન વિદ્યાર્થીઓના પ્રશ્નની વચ્ચે સૂચના લખેલી હોવાથી વિદ્યાર્થીઓ કયો પ્રશ્ન લખવો તે અંગે મુંઝવણમાં મૂકાયા હતા. ઉપરાંત આગામી પરીક્ષામાં પણ દ્દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે સમાન / ક્રમાંકના પ્રશ્નો આપેલા હશે તે અંગે ધ્યાન રાખવા સૂચના અપાઈ છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સમા ફિઝિક્સની પરીક્ષા પ્રથમ દિવસે લેવામાં આવી હતી. આ પરીક્ષાનું પ્રશ્નપત્ર બોર્ડ દ્વારા ૩ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ કરેલા પરિરૂપ અને નમૂનાના પ્રશ્નપત્રને આધારે તૈયાર કરવામાં આવ્યું હતું.

વધુમાં નમૂનાના પ્રશ્નપત્રની સૂચના નંબર-૯માં દ્દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે આકૃતિ- આલેખ આધારિત પ્રશ્નમાં અન્ય વૈકલ્પિક પ્રશ્ન આપેલા છે એમ પણ જણાવેલું હતું. જે અનુસાર, ફિઝિક્સના ગુરુવારના રોજ લેવામાં આવેલા પેપરમાં મુખ્ય પેજ પર સૂચના નંબર-૯માં આકૃતિવાળા- ચાર્ટ પ્રશ્નોમાં દ્દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો આપેલા છે, જેનું ખાસ ધ્યાન રાખવું.

આ પ્રશ્નો માત્ર દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે જ છે એમ જણાવેલું હતું. - જોકે, પરીક્ષા દરમિયાન દ્દષ્ટિહીન વિદ્યાર્થીઓ અને સામાન્ય વિદ્યાર્થીઓ - માટેના સમાન ક્રમાંક ધરાવતાં પ્રશ્નોની વચ્ચે ફકત દ્દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે લખાયેલા હોવાથી પરીક્ષાર્થીઓને કયા - પ્રશ્નનો ઉત્તર આપવો તે સમજવામાં - મુશ્કેલી પડી હોવાની રજૂઆત શિક્ષણ -બોર્ડને મળી હતી.

જેને ધ્યાને લેતાં વિદ્યાર્થીના હિતમાં આ પ્રકારનાં પ્રશ્નમાં વિદ્યાર્થીએ જે પ્રશ્નનો ઉત્તર આપ્યો હશે તેનું મૂલ્યાંકન કરી મળવાપાત્ર ગુણ આપવામાં આવશે, તેવો નિર્ણય લેવામાં આવ્યો છે.

વધુમાં, ધોરણ-૧૨ સાયન્સના અન્ય વિષયોના પ્રશ્નપત્રોમાં પણ સામાન્ય વિદ્યાર્થી માટેના ચિત્ર કે આકૃતિ આધારિત પ્રશ્નોના વિકલ્પ સ્વરૂપે દ્દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે સમાન પ્રશ્ન ક્રમાંક ધરાવતાં વૈકલ્પિક પ્રશ્નો આપવામાં આવેલ હશે, જેની સંબંધિત પરીક્ષાર્થીઓએ, વાલીઓએ અને શિક્ષકોએ નોંધ લેવી તેવી સૂચના અપાઈ છે.






## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજે દિવસની શરૂઆતથી લાભની સંભાવના રહેશે. કેટલીક શુભ ઘટનાઓ બનશે. અન્ય દિવસો કરતા તમે આજે ક્ષેત્રમાં ઓછા કામ કરવાથી વધારે ફાયદા મેળવી શકશો.

**વૃષભઃ** આજે તમારા ખર્ચમાં વધારો થઈ શકે છે. પરિવારમાં કોઈપણ બાબતે ચર્ચા થઈ શકે છે. આક્રમક વર્તનને કારણે પ્રિયજનો તમારી ચિંતા કરી શકે છે. કામ-ધંધાનો લાભ મળશે તે આશાસ્પદ રહેશે, છતાં સંતોષ થશે નહીં.

**મિથુનઃ** આજે મન એક સમયે બે કાર્યો માટે ભટકશે. વ્યક્તિગત અને ઘરેલુ મુદ્દાઓ તમારા માટે લાંબા સમયથી ચિંતાનો વિષય છે. આવક વધારવા અને આવકના ોતને મજબૂત બનાવવાનું કામ કરશો.

**કર્કઃ** તમે તમારા જીવનસાથી સાથે સારો સમય વિતાવશો અને ભાઈઓની સહાયથી પારિવારિક વ્યવસાયમાં અનુકૂળ સ્થિતિ રહેશે. તમારા પરિવારની સાથે સાથે તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો અને સલામતી સાથે ગીચ સ્થળોએ જાઓ.

**સિંહઃ** આ દિવસે મન કામમાં અડચણ હોવાને કારણે અશાંત થઈ શકે છે. આજે તમારે અધૂરું કામ પૂર્ણ કરવું જોઈએ. બપોર પછી જો તમને સહાય મળે તો તમે સરળતાથી જટિલ કાર્યો પૂર્ણ કરી શકો છો.

**કન્યાઃ** પરિવારમાં પ્રેમ અને ઉત્સાહનું વાતાવરણ રહેશે. પિતાના માર્ગદર્શનથી આર્થિક પ્રગતિ થશે. વારસામાં પિતાની સંપત્તિ મળવાની સંભાવના છે. નોકરી કરનારાઓને નવી તકો મળશે. મિત્રો સાથે કપડાં અથવા અન્ય મહત્વની બાબતોમાં ખર્ચ થશે.

**તુલાઃ** આજે વિવાદ રહેશે. તમે તમારા ઘટેલા ભંડોળની ચિંતા કરી શકો છો. ઘણા પૈસા ખર્ચ કરવાથી તમારી જવાબદારી વધી શકે છે. આર્થિક બાબતોમાં કાળજી લો અને કોઈને ઉધાર આપવાનું ટાળો. દૈનિક કાર્યોમાં થોડો વિલંબ થશે પરંતુ તે પૂર્ણ થશે.

**વૃશ્ચિકઃ** આજનો દિવસ મિશ્રિત ફળદાયક રહેશે. કોઈ ઓળખાણ દ્વારા નફાની પરિસ્થિતિઓ બનાવવામાં આવશે. ક્ષેત્રમાં તમારા કાર્યની ગતિ થોડી ધીમી રહેશે, તમે ફક્ત માથે પડેલા કોઈ કાર્ય કરશો.

**ધનઃ** આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે. કોઈ એક જે કાર્યમાં જોડાશો તો અન્યની તુલનામાં ઝડપી સફળતા મેળવી શકે છે. આજે તમને ઓફિસની કામગીરી અને ધંધામાં સુધારો કરવાની ઘણી તક મળશે પરંતુ તે ગુમાવશો નહીં.

**મકરઃ** આજનો દિવસ તમારી તરફેણમાં રહેશે. તમારી છબી લોકોમાં સુધરશે. નોકરીઓ ધરાવતા લોકો વધારાની આવક કરવામાં ચાલાકી કરશે, તેને સફળતા મળશે. બાળકોની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે અને તમારો ભાર પણ ઓછો થશે.

**કુંભઃ** લાંબા સમય પછી તમે આજે રાહત અને ખુશીનો અનુભવ કરશો. તબિયત ધીરે ધીરે સુધરશે, પરંતુ પરિવારના સભ્યોએ ગીચ સ્થળોએ જવાનું ટાળવુ જોઈએ. કોઈ બાબતે બોસ સાથે મીટિંગ થઈ શકે છે.

**મીનઃ** આ દિવસે સુખ અને શાંતિ વધશે. તમને કોઈપણ કાયદાકીય વિવાદ અથવા અન્ય પ્રકારના કોર્ટ-કેસોથી આઝાદી મળશે. તમારા બધા મહત્વપૂર્ણ અને મહત્વપૂર્ણ દસ્તાવેજો સુરક્ષિત રાખો. બપોર પછી તમારે ખૂબ જ મહેનત કરવી પડી શકે છે. ઘરના વાતાવરણમાં નાની-મોટી મુશ્કેલીઓ સિવાય બધું ઠીક રહેશે.

## ફિલ્મી ગપશપ

# મન્નતના રિનોવેશનને કારણે શાહરૂખ સપરિવાર ભાડે રહેવા જશે આ ખ્યાતનામ બંગલાને નવો ઓપ આપવામાં બે વર્ષ લાગશે એટલે કિંગખાન કુલ ૮.૭૦ કરોડ રૂપિયાનું રેન્ટ આપશે





બોલીવુડમાં કિંગ ખાન તરીકે જાણીતો શાહરુખ ખાન ટૂંક સમયમાં મુંબઈમાં બેન્ડસ્ટેન્ડ ખાતે આવેલા તેના આલીશાન બંગલા 'મન્નત'ને ખાલી કરીને સપરિવાર બાંદરા વિસ્તારમાં આવેલા લકઝરી ડુપ્લેક્સમાં ભાડે રહેવા જઈ રહ્યો છે. શાહરુખે બાંદરાના પાલી હિલમાં જેકી ભગનાણી અને તેની બહેન દીપશિખા પાસેથી બે લકઝરી ડુપ્લેક્સ અપાર્ટમેન્ટ ભાડે લીધા છે. આ બન્ને અપાર્ટમેન્ટ 'પૂજા કાસા' નામના બિલ્ડિંગમાં છે.

બેન્ડસ્ટેન્ડ ખાતે આવેલા શાહરુખ ખાનના ઘર 'મન્નત'ની હાલની અંદાજિત કિંમત આશરે ૨૦૦ કરોડ રૂપિયા છે. આ ઘર પર્યટકોમાં પણ ખૂબ જ લોકપ્રિય છે. શાહરુખ અને તેમનો પરિવાર લગભગ ૨૫ વર્ષથી આ બંગલામાં રહે છે. મળતી માહિતી પ્રમાણે 'મન્નત'માં મોટા પાયે રિનોવેશનનું કામ થવાનું છે એટલે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

એક રિપોર્ટ મુજબ 'મન્નત'માં રિનોવેશનનું કામ ૨૦૨૫ના મે મહિનામાં શરૂ થશે અને બંગલાના કેટલાક ભાગને એક્સટેન્ડ કરવામાં આવશે. આ સિવાય 'મન્નત'માં વધુ બે માળનું બાંધકામ થવા જઈ રહ્યું છે.

શાહરુખે બંગલાના એક્સટેન્શન માટે કોર્ટથી મંજૂરી મેળવી છે. હકીકતમાં 'મન્નત' 'ગ્રેડૈં' હેરિટેજ પ્રોપર્ટી છે, તેથી એમાં કોઈ પણ ફેરફાર કરવા માટે કોર્ટ અને મુંબઈ મહાનગરપાલિકા (મ્સ્ઞ)ની મંજૂરી લેવી જરૂરી છે.

'મન્નત'નું આ રિનોવેશન ઓછાંમાં ઓછાં બે વર્ષ સુધી ચાલશે અને એથી આ સમય દરમ્યાન શાહરુખ તેના પરિવાર સાથે ભાડાના ઘરમાં જશે. શાહરુખની કંપની રેડ ચિલીઝે પાલી હિલના 'પૂજા કાસા' બિલ્ડિંગમાં બે ડુપ્લેક્સ અપાર્ટમેન્ટ ભાડે લીધા છે. બન્ને અપાર્ટમેન્ટનું કુલ ભાડું ૨.૯ કરોડ રૂપિયા પ્રતિ વર્ષ છે.

પ્રોડ્યુસર વાશુ ભગનાણીના દીકરા જેકી ભગનાણી અને તેની બહેન દીપશિખા સાથે શાહરુખે ૩૬ મહિનાના કરાર પર સહી કરી છે. શાહરુખે ત્રણ વર્ષ માટે બન્ને લકઝરી ડુપ્લેકસ લીઝ પર લીધાં છે અને આ માટે તે કુલ ૮.૭૦ કરોડ રૂપિયાનું ભાડું ચૂકવશે.

આ ડુપ્લેક્સમાં શાહરુખ અને તેનો પરિવાર તો રહેશે જ અને સાથે ઓફિસ સેટઅપ માટે પણ આ ઘરમાં વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ સિવાય બિલ્ડિંગની સુરક્ષા પણ વધારવામાં આવશે.

જૂના ટુ-વ્હીલરનો નંબર નવા ટુ વ્હીલરમાં અને જૂની કારનો નંબર નવા ફોર વ્હીલરમાં રિટેઈન કરાવી શકાશે જૂના વાહનનાં વેચાણનાં કિસ્સામાં ખરીદનારને નવો નંબર ફાળવાશે

# જૂના વાહનનો નંબર હવે નવા વાહનમાં સરળતાથી લગાવી શકાશે

રાજયભરમાં વાહન વ્યવહાર વિભાગ દ્વારા જૂના વાહનનો નવા વાહનમાં ઉપયોગ કરવા માટે વાહનોનો રજીસ્ટ્રેશન નંબર રીટેઈન કરવાની પધ્ધતિ અમલી કરવામાં આવી છે. આથી, હવે દરેક વાહન ધારક તેના જૂના વાહનના નંબરો નવા વાહન માટે પણ યથાવત રાખી શકશે. આ અંગેનો વાહન વ્યવહાર કમિશનરે પરિપત્ર પણ બહાર પાડી દિધો છે અને દરેક આરટીઓને તેની અમલવારી શરૂ કરી દેવા સુચના પણ અપાઈ ગઈ છે.

ઘણા બધા વાહનમાલિકો પોતાની જૂની ગાડીના નંબરને લકી માનતા હોય છે અને અલગ અલગ પ્રકારની વ્યક્તિગત, ધાર્મિક, સામાજિક કે ન્યુમરોલોજી વગેરે માન્યતાઓના આધારે તેઓનાં વાહનો માટે ચોક્કસ પ્રકારનો નોંધણી નંબર મેળવવાનો આગ્રહ રાખે છે.

ત્યારે વાહનમાલિકો તેમના વાહન નંબર સાથે જોડાયેલી લાગણીને કારણે જૂનાં વાહનોનો નંબર પણ રિટર્ન રાખવાનો આગ્રહ રાખતા હોય છે. જે અનુસંધાને હવે ગુજરાત રાજયમાં વ્હીકલ નંબર રિટેન્શન પોલિસીનું અમલીકરણ કરવા જઈ રહ્યું છે.

વાહનની માલિકી બદલતા સમયે નંબર રિટેન્શનઃ આ કિસ્સામાં વાહનમાલિક જયારે વાહનની તબદિલીની અરજી કરે તે સમયે વાહનનો નંબર રિટેઈન કરી વાહન માલિક દ્વારા ખરીદાયેલા નવા વાહનને જે તે રિટેન કરેલ નંબર ફાળવવામાં આવશે અને માલિકી તબદીલ થયેલ વાહનને અન્ય નવો નંબર ફાળવવામાં આવશે.

વાહન સ્ક્રેપ થતું હોય એ સમયે વાહન નંબર રિટેન્શનઃ આ કિસ્સામાં વાહન માલિક દ્વારા પોતાના નવા ખરીદાયેલા વાહન પર જૂના વાહનનો નંબર રિટેન થશે અને જૂના સ્ક્રેપ થનાર વાહનને અન્ય નંબર એલોટ કરવામાં આવશે અને ત્યાર બાદ જે તે વાહનને મોટર વ્હીકલ્સ એક્ટ અને રૂલ્સની જોગવાઈઓ અનુસાર સ્ક્રેપ કરવામાં આવશે.

જે વાહનનો નંબર રિટેન કરવાનો છે તે તથા જે વાહન પર નંબર રિટેન કરવાનો છે તે બંન્નેની માલિકી એક જ વ્યક્તિની હોવી જરૂરી છે. કોઈ અન્ય વ્યક્તિના નામે વાહન નંબર રિટેન થઈ શકશે નહીં. વધુમાં જે વાહનનો નંબર રિટેન કરવાનો છે. તે વાહનની માલિકી સંબંધિત વાહન માલિક પાસે ઓછામાં ઓછા એક વર્ષની હોવી જોઈએ.

વાહન નંબર રિટેન્શન સમયે બન્ને વાહનોના ક્લાસ ઓફ વ્હીકલ સમાન હોવા જરૂરી રહેશે. એટલે કે ફોર વ્હીલની નંબરપ્લેટ ટુ વ્હીલમાં ન લગાવી શકાય.

જે વાહનનો નંબર રિટેન કરવાનો છે તેનું રજિસ્ટ્રેશન રિટેન્શન સમયે કાર્યરત હોવું જોઈએ. એટલે કે અગાઉ જે વાહનો સ્ક્રેપ થઈ ચૂકેલ છે તેવાં વાહનોનો નંબર હાલ રિટેન થઈ શકશે નહીં.વધારાની માહિતી માટે ઉપરના ફોટો પર ક્લિક કરીને ભાસ્કર એક્સપ્લેનરનો પૂરો વીડિયો જોઈ શકાશે.

દરમ્યાન રાજયના વાહન વ્યવહાર કમિશ્નરે વાહન નંબરના રીટેઈન અંગેના પરિપત્રમાં જણાવાયું છે કે બે કિસ્સામાં વાહન નંબર રીટેન્શન કરી શકાશે.

વાહનની માલિકી જયારે તબદીલ થઈ રહી હોય અને વાહન માલિક પોતાનો વાહન નંબર રીટેન કરવા માંગતા હોય. આ કિસ્સામાં વાહનમાલિક જયારે વાહનની તબદીલીની અરજી કરે તે સમયે વાહનનો નંબર રીટેન કરી વાહન માલિક દ્વારા ખરીદાયેલા નવા વાહનને જે તે રીટેન કરેલ નંબર ફાળવવામાં આવશે અને માલિકી તબદીલ થયેલ વાહનને અન્ય નવો નંબર ફાળવવામાં આવશે.

જયારે વાહન સ્ક્રેપ થતું હોય તે સમયે વાહન નંબર રીટેન્શનના કિસ્સામાં વાહન માલિક દ્વારા પોતાના નવા ખરીદાયેલા વાહન પર જુના વાહનનો નંબર રીટેન થશે અને જુના સ્ક્રેપ થનાર વાહનને અન્ય નંબર એલોટ કરવામાં આવશે. અને ત્યારબાદ જે તે વાહનને મોટર વ્હીકલ્સ એકટ અને રૂલ્સની જોગવાઈઓ અનુસાર સ્ક્રેપ કરવામાં આવશે.



## વાહન નંબર રીટેન્શનની શરતો

માલિક પોતાનો વાહન નંબર પોતાના દ્વારા ખરીદાયેલા નવા વાહનો ઉપર જ રીટેન કરી શકશે અને તે વાહન નંબર રીટેન્શનની પૂર્વ શરત રહેશે. જુના વાહન ઉપર વાહન નંબર રીટેઈન થઈ શકશે નહીં તથા જે વાહનનો નંબર રીટેન કરવાનો છે તે તથા જે વાહન પર નંબર રીટેન કરવાનો છે તે બંનેની માલિકી એક જ વ્યકિતની હોવી જરૂરી છે. કોઈ અન્ય વ્યકિતના નામે વાહન નંબર રીટેન થઈ શકશે નહીં, વધુમાં જે વાહનનો નંબર રીટેઈન કરવાનો છે. તે વાહનની માલિકી સંબંધિત વાહન માલિક પાસે ઓછામાં ઓછા એક વર્ષની હોવી જોઈશે. તેમજ વાહન નંબર રીટેન્શન સમયે બંને વાહનોના કલાસ ઓફ વ્હીકલ સમાન હોવા જરૂરી રહેશે. જે વાહનનો નંબર રીટેઈન કરવાનો છે તેનું રજીસ્ટ્રેશન રીટેન્શન સમયે કાર્યરત હોવું જોઈએ. એટલે કે અગાઉ જે વાહનો સ્ક્રેપ થઈ ચૂકેલ છે તેવા વાહનોનો નંબર હાલ રીટેઈન થઈ શકશે નહીં. જયારે રીટેઈન કરવામાં આવેલ નંબરની સામે ખરીદાયેલ નવા વાહનને રીટેઈન કરેલ નંબર ફાળવવાની પ્રક્રિયા દિન-૯૦માં પૂર્ણ કરવાની રહેશે. ૯૦ દિવસની સમયમર્યાદા બાદ રીટેઈન કરેલ નંબર નવા વાહનને ફાળવી શકાશે નહીં, ઉપરાંત વાહનની તબદીલ સમયે રીટેન્શનના કિસ્સામાં તબદીલ થનાર વાહનને નવો નંબર ફાળવતા સમયે આવા વાહન માલિકો પાસે ગોલ્ડન અને સિલ્વર નંબર સિવાયના ઉપલબ્ધ પસંદગી નંબર જરૂરી ફી ભરપાઈ કરીને મેળવવાનો વિકલ્પ રહેશે.

## જૂના વાહનમાં ગોલ્ડન-સિલ્વર નંબરો હોય તો રૂા.૪૦થી ૮૦ હજાર ફી ભરવી પડશે

રાજકોટ સહિત રાજયભરમાં જૂના વાહનના નંબર નવા વાહનમાં તબદીલ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે. જયારે આજરોજ આ અંગે રાજકોટ જીલ્લા આરટીઓ અધિકારી કેતન ખપેડનો સંપર્ક કરતા તેઓએ જણાવેલ હતું કે જૂના વાહનનો નંબર નવા વાહનમાં તબદીલ કરવા માંગતા વાહન માલિકોએ આરટીઓ કચેરી ખાતે આવી ફોર્મ આરઓઆર ભરવાનું રહેશે. આ ફોર્મ ભરાયા બાદ જૂના વાહનના નંબરની નવા વાહનમાં તબદીલીની પ્રક્રિયા શરૂ થશે. ખપેડએ એવું પણ જણાવેલ હતું કે જો જૂના વાહનમાં ગોલ્ડન-સિલ્વર નંબર હોય તો સરકારી ધારા-ધોરણો મુજબની ફી ભરવી પડશે. સિલ્વર-ગોલ્ડન નંબર માટે ૩૦ દિવસની મર્યાદામાં રૂા.૪૦ હજાર, ૩૦થી ૬૦ દિવસની મર્યાદામાં રૂા.૬૦ હજાર તથા ૬૦થી ૯૦ દિવસની મર્યાદામાં રૂા.૮૦ હજાર ફી ભરવી પડશે.

# તુવેર પાકની ટેકાનાં ભાવે ખરીદી કરવા રાજય સરકારનો નિર્ણય : રાજયમાં ખરીદી માટે ૨૦૬ કેન્દ્રો સુચિત કરાયા

ગાંધીનગર,તા.૧

તુવેર પાકની ટેકાના ભાવે ખરીદી માટે રાજય સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાતના ખેડૂતોને પોતાના ઉત્પાદિત પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા શુભ આશયથી કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં આગામી સમયમાં તુવેર પાકની ટેકાના ભાવે ખરીદી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરાયો છે.

ટેકાના ભાવે તુવેરનું વેચાણ કરવા ઈચ્છુક ખેડૂતોએ આગામી તા. ૩ થી ૨૦ ફેબ્રુઆરી-૨૦૨૫ સુધીમાં ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. ખેડૂતો ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી ફઝઈ મારફતે નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર વિનામૂલ્યે નોંધણી કરાવી શકશે. રાજયમાં તુવેર પાકના વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને ખરીદી માટે



કુલ ૨૦૬ ખરીદ કેન્દ્રો સૂચિત કરવામાં આવ્યા છે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે ખાતરી આપી છે કે, ખેડૂતો પાસેથી તુવેર પાકની પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે. ખરીદી માટે રાજય સરકાર દ્વારા તમામ આગોતરૂ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. રાજયમાં તુવેર પકવતાં ખેડૂતોને ખરીદીનો મહત્તમ લાભ લેવા માટે પણ કૃષિ મંત્રીએ અનુરોધ કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન હેઠળ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે વિવિધ પાકોની ખરીદી કરવામાં આવે છે.

આ વર્ષે તુવેર પાકનું વાવેતર થાય તે પહેલા જ તુવેર માટે રૂ.૭૫૫૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો હતો, જેથી ખેડૂતો નિશ્ચિંત થઈને તુવેર સહિતના પાકોનું મબલખ વાવેતર કરી શકે.

# કચ્છના સફેદ રણમાં સૂર્યાસ્તનો નજારો માણતા રાષ્ટ્રપતિ : કેમલ સફારીનો અનુભવ

ભુજ,તા.૧

કચ્છની મુલાકાતે પધારેલા ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીએ ધોરડો ખાતે સફેદ રણમાં કેમલ સફારીની સવારી કરીને સૂર્યાસ્તનો આહલાદક નજારો નિહાળ્યો હતો. રાષ્ટ્રપતિએ સફેદ રણની રમણીય સાંજને માણતા માણતા કેવી રીતે ધોરડો ગામે દુનિયાના ×બેસ્ટ ટુરિઝમ વિલેજ×નો ખિતાબ હાંસલ કર્યો તેના વિશે વિસ્તૃત જાણકારી મેળવી હતી.કચ્છના રણની મુલાકાત દરમિયાન ધોરડો ગામના સરપંચ મિયાંહુસેને આ સ્થળ કેવી રીતે વિશ્વ પ્રવાસન સ્થળ તરીકે ઉભરી આવ્યું તેના વિશે રાષ્ટ્રપતિશ્રીને અવગત કરાવ્યા હતા.ધોરડો સફેદ રણની મુલાકાતે આવેલા પ્રવાસીઓનું અભિવાદન ઝીલીને ધોરડોના વિકાસ માટેના પ્રયાસોને બિરદાવ્યા હતા. આ મુલાકાત દરમિયાન રાજયપાલ આચાર્ય દેવવ્રતજી, પ્રભારી મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા, કચ્છ સાંસદ વિનોદ ચાવડા, ગુજરાત પ્રવાસન નિગમના મેનેજિંગ ડિરેક્ટર એસ.છાકછુઆક, જિલ્લા કલેક્ટર અમિત અરોરા, મદદનીશ કલેક્ટર ઈ.સુસ્મિતા, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સુંડા, નિવાસી અધિક કલેક્ટર મિતેષ પંડ્યા, ગુજરાત પ્રવાસન નિગમના જનરલ મેનેજર ચેતન મિસણ, ભુજ પ્રાંત અધિકારી ડો. અનીલ જાદવ, જિલ્લા પુરવઠા અધિકારી અર્શી હાસમી, નાયબ વન સંરક્ષક બી.એમ.પટેલ, ભુજ ગ્રામ્ય મામલતદારશ્રી એ.એન.શર્મા સહિતના પદાધિકારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જો સંકલ્પ સારો અને મજબુત હોય તો એવું કશું જ નથી જે પ્રાપ્ત ન થઈ શકે..



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા




વિદ્યાર્થી ભાઈ બહેનો માટે અત્યારે પરિક્ષાનો સમય શરૂ થયો છે લગભગ માર્ચ એપ્રિલ અને મે ના પ્રથમ સપ્તાહ સુધી પરીક્ષાઓ ચાલશે પછી પરિણામ પ્રાપ્ત જેવી તૈયારીઓ કરી હશે તેવું જ પરિણામ મળશે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન થકી જોઈએ તો દુનિયામાં માણસ એક માત્ર એવું પ્રાણી છે જે પડવું હોય તો પ્રાણીઓ કરતાં પણ નીચે પડી શકે છે. અને જો તે ચડવા માંગે છે, તો તે દેવતાઓ થી પણ ઉપર જઈ શકે છે.

મન ચંગા તો ગંગા કથરોટમાં ગંગા , હમણાં તમે જોયું કે સાઈઠ સિત્તેર કરોડ ભારતીયોએ મહા કુંભમાં પવિત્ર સ્નાન કરી શુદ્ધ થવા પ્રયત્ન કર્યો.પરંતુ જો મન શુદ્ધ ન બન્યું તો ? કાયા ભલે નિર્મળ ન હોય તો ચાલશે પણ મન ને શુદ્ધ નિર્મળ કરો, ભલે હજારો માનવ જીવન હોય.. ચિંતકોએ મન વિશે ઘણું લખ્યું છે, મન ને નાથે તે નાથ બીજ બધા અનાથ.વાર્તા નાની છે પણ તેનો પાઠ એટલો મોટો છે કે તે આપણને પરમપિતા ભગવાનને ઓળખવા માટે મજબૂર કરે છે.

વાર્તા ખૂબ જ રસપ્રદ અને રમુજી છે.

એક શેઠજી હતા.તેમનો વેપાર દેશ-વિદેશમાં ફેલાયેલો હતો. એક સમયે શહેરમાં મેળો ભરાયો, શેઠ જી પણ મેળામાં દર્શન કરવા નીકળ્યા ગયા. મેળામાં તેમને એક માણસ મળ્યો. તેણે પોતાની પાસે રહેલી બોટલ અને તેમાં રહેલ જીન વેચવાનું કહ્યું .

શેઠજીએ પૂછ્યું, તમે જે વેચો છો તેની કિંમત અને તેની વિશેષતા શું છે તે કહો.

તે વ્યક્તિએ જવાબ આપ્યો, તમે તેને જે પણ કામ કહો,તે આંખના પલકારામાં તરત જ તમારા માટે કરી દેશે, પછી ભલે તે દેશનું હોય કે પરદેશનું,હું તો કહું છું કે દુનિયા માં એવું કોઈ કામ નથી જે તે ન કરી શકે.

શેઠજી બહુ ખુશ થયા.તેમને દેશ- વિદેશમાં કામ કરી શકે તેવા કામ દાર વ્યક્તિની જરૂર હતી.

આ જીન તમને એક કલાકનું કામ એક મિનિટમાં અને એક દિવસનું કામ એક કલાકમાં આપશે.

શેઠજી આશ્ચર્યચકિત થઈ ગયા. તે એક આશ્ચર્યજનક બાબત છે. મારે આવા જ માણસની જરૂર છે.શેઠજીએ તે વ્યક્તિને પૂછ્યું કે તમે તેને કયા ભાવે વેચી શકો છો.

વ્યક્તિએ કહ્યું, હું તેને માત્ર એક હજારમાં વેચી શકું છું.

હા, હું તમને એક વાત કહેવાનું ભૂલી ગયો અને તે એ છેકે જીનને કામ સોંપવું પડશે.તે કામ વગર બેસી શકતો નથી.તેણે કામ સતત કહેતા રહેવું પડશે.જો તમે તેને કામ નહીં સોંપો, તો તે તમને ખાઈ જશે.

શેઠજીએ એ સાંભળીને વિચાર કર્યો અને પાછળથી કહ્યું કે એવું હોય તો હું જીન મુક્ત રાખું તો એ મને ખાઈ જશે ને?મારો વ્યવસાય દેશ અને વિદેશમાં છે. એટલું કામ છેકે જીનનું આખું જીવન લાગી જશે.મારું કામ અહીં ક્યારેય પૂરું થતું નથી.

શેઠજીએ પેલા માણસને કહ્યું કે તમે ચિંતા ન કરો, હું કામથી મુક્ત નહીં થઈશ. શેઠજીએ જીન લઈને ઘરે આવવું જોઈએ.ઘરની સાફ- સફાઈ અને અન્ય નાના-મોટા કામો કરાવો અને બાદમાં દેશ- વિદેશમાં ચાલતા ધંધાના મોટા કામો કરાવો.

શેઠજીનું બધું કામ ઝડપથી પૂરું કરીને જીન શેઠજી પાસે આવીને ઊભો રહ્યો. શેઠજીએ વિચાર્યું કે હવે શું કામ કહું? તે વિચારમાં મગ્ન હતો કે જો હું જીનને કામ નહીં કહું તો તે મને ખાઈ જશે.

જીન પણ શેઠજી પાસે આવ્યો અને તેમને કહ્યું કે કામ કહો નહીં તો મરવા તૈયાર થઈ જાઓ.

શેઠજી ગભરાઈ ગયા.વીજળીની ઝડપે દોડતો તે તેના ગુરુના આશ્રમમાં પહોંચ્યો જે શહેરની બહાર હતો.ત્યાં સત્સંગ ચાલતો હતો.શેઠજીએ મહાત્માજીના ચરણોમાં પ્રણામ કર્યા અને તેમને તેમની મુશ્કેલીમાંથી બચાવવા પ્રાર્થના કરવા લાગ્યા.

શેઠજીએ જીન વિશેની આખી વાર્તા મહાત્માજીને સંભળાવી.

મહાત્માજીએ શેઠજીને કહ્યું કે ચિંતા ન કરો,મારી પાસે તેનો ઉપાય છે. શેઠજીના જીવનમાં પુનઃજીવ આવ્યો.મહાત્માજીએ ઉપાય સમજાવતા શેઠજીને કહ્યું કે તમે જીન પાસે વિશ્વનો સૌથી મોટો વાંસ મંગાવી લો અને તેને તમારા ઘરના આંગણાની સામે અથવા નજીકમાં દાટી દેવાનું કહો.અને પછી જો જીન પાસે બીજું કોઈ કામ ન હોય ત્યારે એક કામ કરો, જીનને કહેવાનું કે જ્યાં સુધી હું તને બોલાવું નહીં ત્યાં સુધી આ વાંસ ઉપર ચડઉતર એટલે કે આરોહણ અને અવરોહ ની પ્રક્રિયા ચાલુ રાખે. શેઠજી ખૂબ જ ખુશ થયા અને જીનને કહ્યું કે કામ ક્યારેય પૂરું થતું નથી.મેં મહાત્માજીને વંદન કર્યા અને તેમને કહ્યું કે તમે મારી સમસ્યાનું નિરાકરણ પળવારમાં કરી દીધું.

શેઠજીએ ઋષિ મહાત્માએ જે કહ્યું હતું તે કર્યું. વિશ્વનો સૌથી મોટો વાંસ મંગાવ્યો અને તેને તેમના આંગણામાં રોપાવેલો અને જીનને કહ્યું કે આ વાંસ ઉપર ચડઉતર કર. મિત્રો,આ વાર્તા જીન અને વાંસની નથી પરંતુ તે આપણા બધાના જીવન સાથે જોડાયેલી છે.આ વાર્તા ખૂબ જ રમુજી છે. તેનો હેતુ આના કરતાં સો ગણો વધુ આનંદનો છે.

અહીં વાંસ એટલે તમારી દ્રષ્ટિ અને જીન એટલે તમારું મન. આપણું મન જનીન જેવું છે. તેને દરેક વખતે કામ જણાવવું પડે છે. જો તમે મને તમારું કામ નહિ કહો તો તમારું મન તમને અનુસરશે. તે તમને ખાઈ પણ જશે.એક ગુજરાતી કહેવત છે કે કામ વગરનું મન એ શેતાનનું કારખાનું છે.

ફિલોસોફરોએ બીજી વાત પણ કહી છે કે આ વાંસ આપણો પરિપ્રેક્ષ્ય છે. ઉપર વાંસ લેતી વખતે એટલે કે દરેક શ્વાસ લેતી વખતે તેને સોહમના જાપ સાથે જોડો.

ઊંઘમાં શ્વાસ લેતી વખતે અને શ્વાસ છોડતી વખતે તેને અહમના અજપ જાપ સાથે જોડો.એટલે કે ધ્યાન કરો.જો તમારા સંકલ્પો મજબુત હશે તો જીવનમાં કંઈ પણ પ્રાપ્ત કરવું હવે અશક્ય નથી માત્ર મહાન સંકલ્પો જ મહાન લક્ષ્યોની સિદ્ધિ તરફ દોરી જાય છે.ઠરાવમાંમહાન શક્તિ છે. સંકલ્પના બળ પર જ વાંદરાઓ સમુદ્ર પર સેતુ સ્થાપિત કરી શક્યા અને નિશ્ચય ના બળ પર જ પાંડવોએ મહા ભારતનું યુદ્ધ જીત્યું.

જો સંકલ્પ સારો અને મજબુત હોય તો એવું કશું જ નથી જે પ્રાપ્ત ન થઈ શકે. જેટલી વાર આપણા નિર્ણયો બદલાતા રહે છે,તેટલી જ આપણી સફળતા પર અસર થશે. આ ધરતી પર મહાપુરુષો દ્વારા જે પણ સર્જન થયું છે તે સાનુકૂળ સંજોગોને કારણે નહીં પરંતુ માત્ર નિશ્ચયની શક્તિને કારણે થયું છે. નિશ્ચય સાથે મજબૂત બનો, કોઈ પણ કાર્ય અશક્ય નથી.

ભગવાનનું સ્મરણ શ્વાસ અને ઉચ્છવાસને જોડે છે પછી જીવન અર્થની દિશામાં આગળ વધશે. મન શુદ્ધ થશે અને મન મુક્ત થશે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે એક સરસ દ્દષ્ટાંત થકી ચિંતન મનન કરવા પ્રયત્ન કર્યો.. પરીક્ષા લક્ષી તૈયારીઓમાં મનની એકાગ્રતા જળવાય તેવા પ્રયત્ન કરો તેવી સોનેરી સલાહ સાથે wish you all the best.

ઇડર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ ભારતીબેન પટેલની અધ્યક્ષતામા પોષણ ઉત્સવ તથા માતા યશોદા એવોર્ડ, કિશોરી મેળો અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

# સ્વસ્થ, સશક્ત અને સામર્થ્યવાન બાળક દેશના ઉજ્જવળ ભવિષ્યની નિશાની છે : જિ.પં. પ્રમુખ ભારતીબેન પટેલ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧

સાબરકાંઠામા જિલ્લા પંચાયત તથા આઈ. સી. ડી. એસ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજિત પોષણ ઉત્સવ તથા માતા યશોદા એવોર્ડ, કિશોરી મેળો અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંગે જાગૃતિ કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભારતીબેન પટેલની અધ્યક્ષતામા સી. ટી. આર. એમ હોટેલ ઈડર ખાતે યોજાયો હતો.





આ કાર્યક્રમમા જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભારતીબેન પટેલે જણાવ્યું હતું કે વિકસીત ભારતના નિર્માણમાં સશક્ત મહિલા અને સ્વસ્થ બાળકની મહત્વની ભૂમિકા રહેલી છે.સ્વસ્થ, સશક્ત અને સામર્થ્યવાન બાળક દેશના ઉજ્જવળ ભવિષ્યની નિશાની છે.દેશનું દરેક બાળક સ્વસ્થ અને સશક્ત બને તે માટે રાજ્ય સરકાર હરહંમેશ પ્રયત્નશીલ છે.આજનું બાળક દેશનું ભવિષ્ય છે.તેમને પોષણયુક્ત સ્વસ્થ્ય આહાર આપવો ખુબ જ જરૂરી છે. ગુજરાત પોષણ વિકાસના દરેક માપદંડોમાં સિદ્ધિ હાંસલ કરવામાં હંમેશા અગ્રેસર રહ્યું છે.સશક્ત રાષ્ટ્ર કે રાજ્યના નિર્માણમાં મહિલાઓ અને બાળકોની ભૂમિકાની મહત્તાને ધ્યાનમાં રાખી સરકારશ્રી દ્વારા અવિરતપણે બાળકો, કિશોરીઓ અને મહિલાઓની દરકાર કરવામાં આવી રહી છે. તેમના પોષણ અને વિકાસ માટે અનેક પોષણ તથા મહિલાલક્ષી યોજનાઓના સુયોગ્ય અમલીકરણથી "સહી પોષણ, દેશ રોશન"ના અભિગમને સાર્થક કર્યો છે.

આ કાર્યક્રમમા મહિલા બાળ વિકાસ સમિતિના ચેરમેનશ્રી લિનાબેન નિનામાએ જણાવ્યું હતું કે અત્યારના સમયમા મહિલાઓ દરેક ક્ષેત્રે પોતાનું યોગદાન આપી રહી છે. આજે પંચાયતથી પાર્લામેન્ટ સુધી મહિલાઓ સક્રિય છે. જે ગર્વની વાત છે. આ સાથે બેટી બચાવો બેટી પઢાવો અંગે વિગતે વાત કરી હતી.

આ કાર્યક્રમમા મહાનુભાવો દ્વારા મિલેટ્સમાંથી બનાવેલ વાનગીઓના વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી. કાર્યક્રમ દરમિયાન કિશોરીઓ દ્વારા પૂર્ણા શક્તિના ઉપયોગ બાબતે પ્રતિભાવો રજૂ કર્યા હતા.

પોષણ ઉત્સવ -૨૦૨૪ અંતર્ગત કાર્યક્રમમા મહાનુભાવોના હસ્તે દિકરી વધામણાં કીટ,માતા યશોદા એવોર્ડ વિતરણ તેમજ ટીએચઆર તેમજ મિલેટ્સની વાનગી સ્પર્ધાના વિજેતાના ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ બાળકોને અન્નપ્રાશન વિધિ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમા તાલુકા પંચાયત પ્રમુખશ્રી, જિલ્લા કલેક્ટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, પ્રોગ્રામ ઓફિસરશ્રી અલ્પાબેન, સીડીપીઓશ્રી અમીબેન, તેડાઘરની બહેનો સહિત આંગણવાડીના બાળકો અને કિશોરીઓ ઉપસ્થિત રહી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### રાજકોટમાં સ્વામીનારાયણ સંપ્રદાયને લાંછન લગાડતો વીડિયો વાયરલ

રાજકોટ,તા.૧

રાજકોટમાં સ્વામીનારાયણ સંપ્રદાયને લાંછન લગાડતો વધુ એક વીડિયો સામે આવ્યો છે. સ્વામીની અશ્લીલ હરકતોનો ૫ મિનિટનો વીડિયો વાયરલ થયો છે જેમાં સ્વામીનો ચહેરો સ્પષ્ટ દેખાય છે, વીડિયો વાયરલ થયા બાદ વાલીઓમાં ચિંતા વધી છે.

રાજકોટમાં સ્વામીનારાયણ સંપ્રદાયના વિકૃત સ્વામીએ ફરેણી ગુરુકુળનું નામ અભડાવ્યું છે. સંપ્રદાયને શર્મસાર કરતી ઘટના સામે આવી છે. સ્વામિનારાયણ સંપ્રદાયને લાંછન લગાવતો વધુ એક વીડિયો આવ્યો છે. સ્વામીની અશ્લીલ હરકતનો ૫ મિનિટનો વીડિયો સામે આવ્યો છે. વીડિયો કલીપમાં સ્વામીનો ચહેરો સ્પષ્ટ દેખાતો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

રાજકોટના સ્વામીનારાયણ ગુરૂકુળના હરિચરણ સ્વામીના કુકર્મોનો વધુ એક વીડિયો સામે આવતા વાલીઓમાં ચિંતા વધી છે. વિકૃત માનસના સ્વામીએ સ્વામિનારાયણ સંપ્રદાયને લાંછન લગાડ્યું છે.

અગાઉ સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુનો વધુ એક વીડિયો વાયરલ થયો હતો. અગાઉ વડતાલ સ્વામીનારાયણ મંદિરના સ્વામી સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાતા ખળભળાટ મચી ગયો હતો. આ અંગે વાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. સાધુનો અશ્લીલ વીડિયો વાયરલ થતાં વડતાલ શહેર તેમજ રાજ્યમાં ખળભળાટ મચી ગયો હતો. વીડિયોમાં સાધુનો યુવક સાથે બાથરૂમમાં કામલીલાનો વીડિયો વાયરલ થતાં દુષ્કર્મ કરવા વિરૂદ્ધ જગતપાવન સ્વામી વિરૂદ્ધ ફરિયાદ નોંધવામાં આવી હતી.

બનાસકાંઠા જિલ્લામાં જૂની ચલણી નોટો ઝડપાઇ

# પાલનપુરના એરોમાં સર્કલ પાસેથી ૧૯.૭૭ લાખની જૂની નોટો સાથે ૭ શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા

(ગરવી તાકાત) પાલનપુર તા.૧

પાલનપુર એસઓજી પોલીસે મોટી કાર્યવાહી કરતા જૂની ચલણી નોટોના કારોબારનો પર્દાફાશ કર્યો છે. પોલીસે પાલનપુર એરોમાં સર્કલ નજીકથી સાત શખ્સોને ઝડપી પાડ્યા છે. આ શખ્સોની પાસેથી ?૫૦૦ અને ?૧૦૦૦ના દરની કુલ ?૧૯,૭૭,૫૦૦ની કિંમતની જૂની ચલણી નોટો જપ્ત કરવામાં આવી છે.



પોલીસને બાતમી મળી હતી કે કેટલાક શખ્સો જૂની ચલણી નોટોની હેરાફેરી કરી રહ્યા છે. આ માહિતીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. જ્યારે આ શખ્સો એરોમાં સર્કલ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પોલીસે તેમને પકડી પાડ્યા હતા. પોલીસે આ મામલે સાતેય આરોપીઓની અટકાયત કરી છે અને જૂની ચલણી નોટોના કારોબાર અંગે વધુ તપાસ શરૂ કરી છે.

પોલીસ આ નોટો ક્યાંથી લાવવામાં આવી હતી અને કોને પહોંચાડવાની હતી તે દિશામાં તપાસ કરી રહી છે.

હિંમતનગરમાં પોલીસ ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી

# ૪૫ દિવસમાં ૬૮ હજાર ઉમેદવારોમાંથી માત્ર ૧૧ હજાર પાસ, PSI-લોકરક્ષકની શારીરિક કસોટી સંપન્ન

(ગરવી તાકાત) સાબરકાંઠા તા. ૧

હિંમતનગર પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર બિન હથિયારધારી PSI અને લોકરક્ષકની પોલીસ ભરતી પ્રક્રિયા પૂર્ણ થઈ છે. ૮ જાન્યુઆરીથી શરૂ થયેલી આ ભરતી પ્રક્રિયા ૧ માર્ચે સંપન્ન થઈ. ૪૫ દિવસની આ ભરતી પ્રક્રિયામાં કુલ ૬૮,૮૯૬ ઉમેદવારોને બોલાવવામાં આવ્યા હતા. તેમાંથી માત્ર ૨૯,૪૭૧ ઉમેદવારોએ શારીરિક કસોટીમાં ભાગ લીધો. આ પૈકી માત્ર ૧૧,૦૮૭ ઉમેદવારો પરીક્ષામાં પાસ થયા.



ગ્રાઉન્ડ ઈન્ચાર્જ એસપી મેધા તેવાર અને DYSP પાયલ સોમેશ્વરના જણાવ્યા મુજબ, દરરોજ સવારે ૪ વાગ્યાથી ભરતી પ્રક્રિયા શરૂ થતી હતી. ઉમેદવારોની દોડ, વજન, ઊંચાઈ અને છાતીનું માપ લેવામાં આવતું હતું.

આ પ્રક્રિયા દરમિયાન SP, DYSP, PSI, PI સહિત પોલીસ કર્મચારીઓ, એજન્સી કર્મચારીઓ અને ૧૦૮ના સ્ટાફ મળી લગભગ ૨૦૦ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓ ફરજ પર હાજર રહેતા હતા. સમગ્ર પ્રક્રિયા CCTV કેમેરાની નજર હેઠળ યોજવામાં આવી હતી. ભરતી પ્રક્રિયા દરમિયાન ઉમેદવારોને પ્રોત્સાહિત કરવા દેશભક્તિના ગીતો વગાડવામાં આવતા હતા. ઉમેદવારોએ ભરતી પ્રક્રિયા માટે કરવામાં આવેલી વ્યવસ્થાની પ્રશંસા કરી હતી.

### કિમે ઘમંડ બતાવ્યું, ક્રુઝ મિસાઇલનું પરીક્ષણ કરીને વિશ્વના દેશો વચ્ચે તણાવ વધાર્યો

સિઓલ,તા.૧

દક્ષિણ કોરિયાઃ ઉત્તર કોરિયાએ શુક્રવારે દાવો કર્યો હતો કે તેણે પરમાણુ હુમલાની સ્થિતિમાં જવાબી કાર્યવાહી કરવાની ક્ષમતા દર્શાવવા માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ક્રુઝ મિસાઈલનું પરીક્ષણ કર્યું છે. આના થોડા દિવસ પહેલા જ, ઉત્તર કોરિયાએ અમેરિકા તરફથી વધતા ખતરાનો જવાબ આપવાનો સંકલ્પ કર્યો હતો. ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉને પણ દેશના પશ્ચિમ કિનારા પર મિસાઈલ પરીક્ષણોનું નિરીક્ષણ કર્યું હતું, એમ સત્તાવાર કોરિયન સેન્ટ્રલ ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું.કોરિયન સેન્ટ્રલ ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે આ પ્રક્ષેપણોનો હેતુ ×દુશ્મનોને જાણ કરવાનો હતો જેઓ આપણી સુરક્ષાનું ગંભીર ઉલ્લંઘન કરે છે અને ઉત્તર કોરિયાની સૈન્યની બદલો લેવાની ક્ષમતા અને પરમાણુ કામગીરી માટે તેની તૈયારી વિશે સંઘર્ષનું વાતાવરણ ઉભું કરે છે.× આ વર્ષે ઉત્તર કોરિયાનું ચોથું મિસાઈલ પરીક્ષણ છે અને ડોનાલ્ડ ટ્રમ્પના યુએસ રાષ્ટ્રપતિ તરીકેના બીજા કાર્યકાળ દરમિયાન આ બીજું છે.

અહેવાલમાં જણાવાયું છે કે કિમે પરીક્ષણ પરિણામો પર સંતોષ વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે સૈન્યએ હંમેશા યુદ્ધ અને તેના પરમાણુ શસ્ત્રોના ઉપયોગ માટે તૈયાર રહેવું જોઈએ. ઉત્તર કોરિયાના સંરક્ષણ મંત્રાલયે ટ્રમ્પ સત્તામાં આવ્યા પછી યુનાઈટેડ સ્ટેટ્સ અને તેના સાથી દેશો પર ઉત્તર કોરિયાને લક્ષ્ય બનાવીને વધુ ગંભીર લશ્કરી ઉશ્કેરણી કરવાનો આરોપ મૂક્યો છે.

### મને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પર સંપૂર્ણ વિશ્વાસ છે, ટ્રમ્પ

વોશિંગ્ટન,તા.૧

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેમને વિશ્વાસ છે કે વ્લાદિમીર પુતિન યુક્રેનમાં કોઈપણ યુદ્ધવિરામનું પાલન કરશે. તેમણે કહ્યું કે જો યુક્રેન પર મોસ્કોના આક્રમણને સમાપ્ત કરવા માટે કોઈ કરાર થઈ શકે તો પુતિન પોતાનું વચન પાળશે. ટ્રમ્પે કહ્યું કે તેઓ પુતિન પર વિશ્વાસ કરી શકે છે કે તેઓ યુક્રેન યુદ્ધ વિશે વાત કરે. બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટારમર સાથેની મુલાકાતની શરૂઆતમાં પત્રકારો સાથે વાત કરતી વખતે ટ્રમ્પે આ ટિપ્પણી કરી. સ્ટાર્મરે કિંગ ચાર્લ્સ વતી ટ્રમ્પને રાજ્ય મુલાકાત માટે આમંત્રણ આપ્યું હતું, જેને યુએસ રાષ્ટ્રપતિએ સ્વીકાર્યું છે.

પુતિન વિશે પૂછવામાં આવતા, ઓવલ ઓફિસમાં સ્ટારમર સાથે બેઠેલા ટ્રમ્પે પત્રકારોને કહ્યુંઃ ×મને લાગે છે કે તેઓ પોતાનો શબ્દ રાખશે. મેં તેમની સાથે વાત કરી છે, હું તેમને લાંબા સમયથી ઓળખું છું, મને નથી લાગતું કે તેઓ પોતાનો શબ્દ તોડશે.× ટ્રમ્પે કહ્યું કે બ્રિટન ×પોતાની સંભાળ રાખી શકે છે, પરંતુ જો તેમને મદદની જરૂર પડશે, તો હું હંમેશા બ્રિટન સાથે રહીશ.×

બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મરે કહ્યું કે તેઓ શાંતિ કરાર સ્થાયી રહે તે માટે સાથે મળીને કામ કરવા માંગે છે. આ એક એવો કરાર હોવો જોઈએ જેનો કોઈ ભંગ ન કરે. બ્રિટન અને ફ્રાન્સ બંનેએ યુક્રેનમાં શાંતિ રક્ષા દળો તૈનાત કરવાની ઓફર કરી છે, પરંતુ તેઓ હવાઈ અને ઉપગ્રહ દેખરેખ અને સંભવિત હવાઈ શક્તિ સહિત યુએસ સમર્થનની ગેરંટી ઈચ્છે છે.

### ડિજિટલ ગુજરાત' અંતર્ગત બિન ખેતીની ૪૧૧૫ અરજીઓ મંજૂર કરાઈ

ગાંધીનગર,તા.૧

રાજ્ય સરકાર દ્વારા 'ડિજિટલ ગુજરાત' અંતર્ગત વર્ષ ૨૦૧૮ થી બિનખેતીની અરજીઓ માટે ઓનલાઈન મંજૂરી આપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જે હેઠળ તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ૪૧૧૫ બિન ખેતીની અરજીઓ મંજૂર કરવામાં આવી છે તેમ, વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો મહેસૂલ વિભાગ વતી ઉત્તર આપતાં મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું.

મંત્રી રાજપૂતે વધુ વિગતો આપતા કહ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં બિનખેતી-દ્રછ માટે કુલ ૯૬૩૨ અરજીઓ આવી હતી જે પૈકી ગાંધીનગર તાલુકાની ૨૩૩૪, દહેગામ તાલુકાની ૩૪૪ , કલોલની ૧૧૫૯ તેમજ માણસા તાલુકામાં ૨૭૮ એમ કુલ ૪૧૧૫ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. આ સિવાયની અરજીઓ પૂરતા પ્રમાણમાં જરૂરી પુરાવા-કાગળો ન હોવાથી દફતરે કરવામાં આવી છે તેમ, મંત્રી રાજપૂતે ઉમેર્યું હતું.

# અમીરગઢમાં સગર્ભા કુપોષિત મહિલાઓ, ટીબીના દર્દીઓને કરાયું પોષણક્ષમ આહારનું કિટ વિતરણ

(ગરવી તાકાત) પાલનપુર તા.૧

બનાસકાંઠાનો અમીરગઢ તાલુકો કુપોષણ અને ટીબી મામલે ખૂબ જ પછાત છે. અંતરિયાળ વિસ્તાર એવા અમીરગઢમાં ઘણી બધી સગર્ભા મહિલાઓ કુપોષણથી પીડાય છે, તો અહીં ટીબીના પણ સૌથી વધુ દર્દીઓ છે.



આવી સ્થિતિમાં સમભાવ ટ્રસ્ટ દ્વારા સ્વ. શૈલેષભાઈ ભુપતભાઈ વડોદરીયા કુપોષિત અને જોખમી સગર્ભા માતા પોષણ સહાય અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત શુક્રવારે ૧૦૦થી વધુ સગર્ભા મહિલાઓને ખાસ પોષણક્ષણ આહારની કિટની વિતરણ કરવામાં આવી.

આ કાર્યક્રમ અંતર્ગત ધી સેક્રેટરિયેટ પોર્ટલના સીઓઓ શ્રી નીરજ અત્રીજી, ગાંધીનગર બ્યુરો ચીફ ગૌતમભાઈ પુરોહિત, VTV ડિજિટલના એડિટર ભાવિનભાઈ રાવલ સહિત ભારતીય જનતા પાર્ટીના બનાસકાંઠા જિલ્લાના કોષાધ્યક્ષ અનિતાબેન અગ્રવાલ, ભાજપના પ્રદેશ કારોબારી સભ્ય મીતાબેન સોની ઉપસ્થિત રહ્યા. જેમના હસ્તે લાભાર્થીઓને પોષણક્ષમ આહારની કિટ ઉપલબ્ધ કરાવવામાં આવી.

સગર્ભા મહિલાઓના આરોગ્યનું ધ્યાન રાખવા માટે પાલનપુરના ખૂબ જાણીતા સ્ત્રી રોગ નિષ્ણાત ડૉ. ટેલર દ્વારા તમામ સગર્ભા મહિલાઓનું નિઃશુલ્ક મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું. સાથે જ અમીરગઢમાં ટીબીનો મૃત્યુદર ઓછો કરવા માટે પણ ટ્રસ્ટ દ્વારા ખાસ પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. જેના ભાગ રૂપે ટીબીના દર્દીઓને પણ પોષણક્ષમ આહારની કિટનું વિતરણ કરવામાં આવ્યું.

ઉલ્લેખનીય છે સ્વ. શૈલેષભાઈ ભુપતભાઈ વડોદરીયા કુપોષિત અને જોખમી સગર્ભા માતા પોષણ સહાય અંતર્ગત છેલ્લા ૩ વર્ષથી અમીરગઢ તાલુકામાં શ્રી દર્શરથભાઈ ભટ્ટના નેતૃત્ત્વમાં સમાજસેવાનું આ સુંદર કામ કરવામાં આવી રહ્યું છે. જેને લીધે મહિલાઓના મૃત્યુદર અને ટીબીને કારણે થતા મૃત્યુદરમાં ઘટાડો આવ્યો છે.

### અમીરગઢ તાલુકાના ઘાંઘુ સ્થિત તેમના નિવાસસ્થાને નજરકેદ કર્યા હતા,ધારાસભ્ય કાંતિ ખરાડી

પાલનપુર,તા.૧

બનાસકાંઠાના દાંતાના ધારાસભ્ય કાંતિ ખરાડીને થોડા દિવસ અગાઉ પોલીસે અમીરગઢ તાલુકાના ઘાંઘુ સ્થિત તેમના નિવાસસ્થાને નજરકેદ કર્યા હતા. જેમાં તેમણે અંબાજી ડિમોલિશન મુદ્દે સવાલો કર્યા હતા.ગાંધીનગરમાં અંબાજી ડિમોલિશન મુદ્દે ધારાસભ્ય કાંતિ ખરાડીનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, અંબાજીમાં કેટલા દબાણો હટાવવામાં આવ્યા છે. ટીપી ક્યારે મંજૂર કરી, કેટલી પૂર્ણ થઈ અને કેટલી બાકી આ પ્રશ્નનો મને ગોળ-ગોળ જવાબ આપવામાં આવ્યો છે. વિકાસ કરો એમાં અમને વાંધો જ નથી. પરંતુ પહેલા નકશો જાહેર કરો. આ પ્રશ્નનો જવાબ હજુ પણ નથી આપ્યો. હાઈકોર્ટે મંજૂરી આપી અને દબાણ હટાવ્યા છે. પણ કોર્ટ એવું પણ નથી કહેતી કે રાત્રે જ દબાણ હટાવી દો. જે લોકોના દબાણો હટાવ્યા તે લોકો ૬૦ વર્ષથી રહેતા હતા. સરકારની તમામ યોજનાઓનો લાભ લેતા હતા અને ટેક્સ પણ ભરતા હતા. માત્ર ૫ લાભાર્થીને વળતર અપાયું, તો અન્યોનું શું..? હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી.

વિદ્યાર્થીઓ દ્વારા ૧૭૦ ગણિતની કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી

# મહેસાણાની કાવેરી ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે ચૌદમું ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

આજકાલ છાપાઓમા તેમજ સમાચારની દુનિયામાં અકસ્માતોના સમાચાર સહજ થતા જોવા મળે છે ત્યારે અવર અવર-નવાર થતાં અકસ્માતોની ચાળવા માટે શું કરવું જોઈએ એના માટેનો સ્પીડ બ્રેકર બમ્પ બનાવવામાં આવે તો આ અકસ્માતો ટળી જાય છે એ માટેનું વિચાર આવ્યો કાવેરી ઈન્ટરનેશનલ સ્કૂલની ધોરણ સાતની વિદ્યાર્થીની જાન્સી પટેલને.

આજરોજ કાવેરી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાયેલા ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં કાગળ મોટર એલઈડી બલ્બ, શીટ પ્લાસ્ટિકનું પૂરું વાયર પાઈપ સાથે યાંત્રિક ઊર્જાનું વિદ્યુત ઉર્જામાં રૂપાંતર કરીને કેવી રીતે અકસ્માતને અટકાવાય એનો નિદર્શન સહ પ્રયોગ જેન્સી પટેલે નિદર્શિત કર્યો હતો. યાંત્રિક ઉર્જાનું વિદ્યુત ઉર્જામાં રૂપાંતર કાર્ય કેમનું ઘરે એ જોઈએ તો જેન્સી જણાવે છે એમ જ્યારે કોઈ વાહન સ્પીડ બ્રેકર પરથી પસાર થાય છે ત્યારે પાઈપ ફરવાથી ડીસી મોટર ફરે છે જેથી યાંત્રિક ઉર્જાના કારણે એલઈડી બલ્બ પ્રકાશીત થાય છે જેમાં રોડની બંને બાજુ આવતા વાહનોમાં સ્પીડ બ્રેકર કામ કરવા લાગે છે. જેન્સીના આ પ્રયોગને તેમના શિક્ષકો તેમજ ટ્રસ્ટએ પણ બિરદાવ્યો હતો. જેન્સીની સાથે અન્ય ૩૪૦ વિદ્યાર્થીઓએ પણ વિવિધ પ્રયોગોનું નિદર્શન કર્યું હતું.



ઉલ્લેખનીય છે કે આજ રોજ મહેસાણાની કાવેરી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ૧૪મુ ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયું. જેમાં ૩૪૦ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો અને ૧૭૦ ગણિતની કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે શાળાના ટ્રસ્ટીશ્રી કે.વી.પટેલ સહિત મોટી સંખ્યામાં વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં શાળાના ૨૨૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓએ પ્રદર્શનના વર્કિંગ મોડેલ નિહાળ્યા હતા તેમજ વિજ્ઞાનના નવા નવા સિદ્ધાંતો અને પ્રયોગોને પણ જીણવટથી જોયા હતા. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ સાથે શિક્ષકો પણ સહભાગી બન્યા હતા.

### દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં ૧૦૦ ખેડૂતોને તાલીમ, ઓછા ખર્ચે વધુ ઉત્પાદન માટે માર્ગદર્શન

(ગરવી તાકાત) દાંતીવાડા તા.૧

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે નોલેજ ડિસેમિનેશન થ્રુ ડિસ્ટન્સ લર્નિંગ યોજના અંતર્ગત એક મહત્વપૂર્ણ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

આ તાલીમમાં ખેડબ્રહ્મા તાલુકાના કાલોલ અને નાકા ગામના ૧૦૦ જેટલા ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. યુનિવર્સિટીના યોજના ઈન્ચાર્જ એસ.એમ.પટેલે ખેડૂતોને કૃષિ યુનિવર્સિટીની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. તેમણે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની કામગીરી વિશે વિસ્તૃત સમજ આપી હતી.

Volume : 10 Issue : 329 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002